# આનંદ અને જીવક

નદીકિનારે એક આશ્રમ હતો. ત્યાં એક ગુરુ ઘણાબધા શિષ્યો સાથે રહે. ગુરુ એ સૌને ભણાવતા. એમાં એક શિષ્ય ખૂબ હોશિયાર, નમ્ર અને વિવેકી. એનું નામ આનંદ. ગુરુને એ ખૂબ વહાલો.

ગુરુને એક પુત્ર પણ હતો. નામ એનું જીવક. તે પણ સૌ શિષ્યો સાથે બેસીને વિદ્યા ભણે.

એક દિવસ ગુરુએ શિષ્યોને કહ્યું, ''હું હવે આશ્રમનો ભાર તમારામાંથી કોઈ એકને સોંપી નિવૃત્ત થવા ઈચ્છું છું. હું મારા ઉત્તરાધિકારીની પસંદગી જાતે કરીશ. જે યોગ્ય હશે તેને હું મારા સ્થાને નીમીશ.''

જીવકને મનમાં એમ કે પિતા પોતાને જ આશ્રમનો ભાર સોંપશે, પરંતુ આ જાહેરાત પછી તે જરા મૂંઝાયો. પિતા એને સીધી રીતે આશ્રમનો ભાર સોંપવા ઈચ્છતા ન હતા. કદાચ આ સ્થાન તેઓ એમના પ્રિય શિષ્ય આનંદને આપવા ઇચ્છતા હતા.

જીવકે આ વાત તેની માતાને કરી. માતાને પણ થયું કે આશ્રમનો ઉત્તરાધિકારી જીવક બને તો સારું.

માતાએ ગુરુને પોતાના મનની વાત કરી. ગુરુ હસીને કહે, ''પુત્રમોહને કારણે તમે આમ કહો છો. પરંતુ આ જવાબદારીભર્યું પદ છે. એ કંઈ જેવાતેવાને ન સોંપાય. મારી દૃષ્ટિએ આ પદ માટે આનંદ જ ઉત્તમ છે.''

''તો શું મારો પુત્ર જીવક એવો ઉત્તમ નથી ?''

''ચાલો, એમ કરીએ. એ બંનેની પરીક્ષા લઈએ. જે ઉત્તમ ઠરે એને આ પદ મળશે. તમે પણ આ પરીક્ષા લેવામાં મારી સાથે રહો અને યોગ્ય નિર્ણય કરવામાં સાથ આપો.'' ગુરુજીએ કહ્યું.

બીજે દિવસે ગુરુએ આનંદ અને જીવકને બોલાવ્યા. બંનેના હાથમાં લીલો ઘાસચારો આપ્યો અને કહ્યું, ''ગૌશાળામાં જાઓ અને કોઈપણ ગાયને આટલું ઘાસ ખવરાવીને આવો.''

બંને શિષ્યો ગૌશાળા તરફ ગયા. જીવક ઝડપથી પાછો આવી ગયો. આનંદને આવતાં બહુ વાર લાગી. તે આવી ગયો એટલે પ્રથમ પ્રશ્ન જીવકને પૂછયો. જીવકે કહ્યું, ''હું તો ગૌશાળાની નજીક જે ગાય ઊભી હતી તેને ચારો નાખી પાછો આવી ગયો.''

પછી ગુરુએ આનંદને પૂછ્યું. આનંદે કહ્યું, ''ગુરુદેવ, મોડું થયું તે બદલ ક્ષમા યાચુ છું. હું ત્યાં ગયો. કઈ ગાયને ચારો નાખવો એ વિચારે બધે ફર્યો. એક ગાયનો પગ મચકોડાઈ ગયો હતો. તે ઘાસ ચરવા જઈ શકતી ન હતી. તેથી મેં તેને ચારો નાખ્યો. તે ખાતી ન હતી એટલે તેની પાસે બેસી તેના ડિલ પર હાથ ફેરવવા લાગ્યો. તેને મીઠા બોલ કહ્યા. ને ઘાસ ખવરાવી પછી આવ્યો.''



ગુરુ કે ગુરુપત્ની કંઈ ન બોલ્યાં. ગુરુએ બંનેને રજા આપી. બીજે દિવસે ગુરુએ બંનેને ફરી બોલાવ્યા. પછી પ્રથમ જીવકને આદેશ કર્યો : ''જીવક, ત્યાં પંખીઓ ચણ ચણે છે તેમને ઉડાડી મૂક.''

જીવક ગયો ને ગુરુની આજ્ઞાનું પાલન કર્યું ને પાછો ફર્યો. ગુરુએ એવો જ આદેશ આનંદને કર્યો. આનંદ મૌન રહી, ધીમે પગલે ગયો પરંતુ પંખીઓને ઉડાડયા વગર જ પાછો ફર્યો. ગુરુએ આ જોયું. તેનું કારણ પૂછ્યું. આનંદ હાથ જોડીને બોલ્યો, ''ગુરુદેવ, અવિનય માટે ક્ષમા માગું છું. આપના આદેશનો મેં અનાદર કર્યો છે. આપે આજ્ઞા કરી એટલે હું ગયો. પરંતુ પંખીઓને ચણ ચણતાં જોઈ મને એમની દયા આવી ગઈ. ગુરુદેવ, આપણે જમવા બેઠા હોઈએ ને કોઈ આવી બાવડું પકડી ઊઠાડી મૂકે તો આપણને કેવું લાગે ?''

ગુરુએ બંનેને રજા આપી. બંને ગયા પછી ગુરુએ પત્નીને પૂછ્યું. ''બોલો, કોનું વર્તન તમને યોગ્ય લાગ્યું ?''

પત્ની બોલી : ''આમ તો આનંદનું વર્તન યોગ્ય ગણાય. પરંતુ જીવકે તમારી આજ્ઞાનું પાલન કર્યું જ્યારે આનંદે ઉલ્લંઘન કર્યું છે.''

પ્રત્યુત્તર આપતાં ગુરુ બોલ્યા : ''સાચો શિષ્ય એ કહેવાય જે સારા–નરસાનો વિચાર કરે અને પછી વડીલોની આજ્ઞાનું પાલન કરે. જો આજ્ઞા યોગ્ય ન હોય તો તે ન પાળવી એમાં જ સાચો ધર્મ રહેલો છે.'' આ સાંભળી ગુરુપત્ની મૌન થઈ ગયાં.

ત્રીજે દિવસે ગુરુએ બંનેને બોલાવ્યા અને કહ્યું, ''આજે તમારી અંતિમ કસોટી થશે. ને પછી અમે બંને સાથે મળી આ અંગે નિર્ણય કરીશું.'' આમ કહી ગુરુએ બંનેના હાથમાં એક એક કબૂતર આપ્યું ને કહ્યું, ''આ કબૂતર લઈને જાઓ. જ્યાં એકાંત હોય, કોઈ જોતું ન હોય ત્યાં જઈ એને હવામાં ઉડાડી મૂકજો.''

જીવક ઉત્તર દિશામાં ગયો. દૂર ઝાડીમાં ગયો. ત્યાં એકાંત હતું. જીવકે આસપાસ જોયું. કોઈ ન હતું. તેણે કબૂતરને હવામાં ઉડાડી મૂક્યું. ને ગુરુ પાસે પાછો ફર્યો.

આનંદ દક્ષિણ દિશામાં થોડે દૂર ગયો ને પછી તરત જ કબૂતરને એમ જ લઈને પાછો ફર્યો. ગુરુએ આનંદને કબૂતર સાથે પાછા ફરવા અંગેનું કારણ પૂછ્યું. આનંદ બોલ્યો, ''ગુરુદેવ, આપની શરત મુજબનું એકાંત મને ન જડયું. કબૂતરને હું જ જોતો હતો. વળી, આપે પણ શીખવ્યું છે કે ભગવાન બધે જ રહેલો છે. તે આપણાં સારાં કે નરસાં કામો સતત જોતો જ હોય છે. તેથી હું કબુતરને પાછું લાવ્યો છું. ગુરુદેવ ! મને માફ કરી દો. હું આપની આજ્ઞાનું પાલન ન કરી શક્યો.''

આ સાંભળી ગુરુ મલકાયા. તેમણે પત્ની સામે જોયું. મૌન રહી જાણે પૂછતાં ન હોય. બોલો, તમારે શું કહેવું છે ? ગુરુપત્નીને આનંદ અને જીવક વચ્ચેનો તફાવત સમજાઈ ગયો હતો. તેમનો પુત્રમોહ દૂર થયો. આશ્રમનું હિત શેમાં છે તે સમજાઈ ગયું હતું. તેઓ તરત જ બોલ્યાં, ''જીવક બેટા, તારા કરતાં આનંદ આ આશ્રમનો ઉત્તરાધિકારી બનવા માટે બધી રીતે યોગ્ય છે.''

જીવક સાચી વાત સમજી ગયો. આનંદે ગુરુપત્નીને વંદન કર્યા ને પછી ગુરુદેવને પગે લાગ્યો. ગુરુએ આનંદને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા.

**(– ' કૂકડાભાઈની જે ' માંથી સાભાર)**

■